## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે વેર હાઉસ ડેવલપમેન્ટ અને રેગ્યુલેટરી ઓથોરીટી તેમજ સીક્યુરીટીઝ અને એક્ક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડીયા ના સહયોગથી જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે વેર હાઉસ ડેવલપમેન્ટ અને રેગ્યુલેટરી ઓથોરીટી તેમજ સીક્યુરીટીઝ અને એક્ક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડીયા ના સહયોગથી સુરક્ષિત અનાજ સંગ્રહ અંતર્ગત તા. ૩/૧૨/૧૯ થી ૪/૧૨/૧૯ દરમ્યાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં અલગ-અલગ ગામનાં કુલ ૧૦૦ ખેડૂતોએ ભાગ લીધેલ. જેમા ઉદયભાણસિંહજી રીઝીયોનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ, ગાંધીનગર ખાતે ફરજ બજાવતા ડાયરેક્ટર,પીજી ડીપ્લોમા ઇન મેનેજમેન્ટ, શ્રીમતી નીલુ પાંડે તેમજ કેન્દ્રીય ભંડારણ નિગમનાં નિવૃત મેનેજરશ્રી રતનલાલ ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કે.વિ.કે. ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી. જી. પટેલે સર્વેનું સ્વાગત કર્યા બાદ જાગૃતિ કાર્યક્રમ નો મુખ્ય ઉદ્દેશ સમજાવી પાકની કાપણી કર્યા બાદ અનાજને સુરક્ષિત રાખવા તેમજ તેની ગુણવત્તા જાળવી રાખવા બાબતે જરૂરી સુચનો કર્યા. શ્રીમતી નીલુ પાંડે દ્વારા કેન્દ્રીય ભંડારણ નિગમની જવાબદારીઓ તેમજ તેની વિશ્વસનીય કામગીરી બાબતે વિસ્તુત જાણકારી આપવામા આવી અને ખેડૂતોને તેનો મહત્તમ લાભ લેવા જણાવ્યુ. રતનલાલ ગુપ્તાએ અન્નના મહત્વ વિષે વિસ્તૃત જાણકારી આપી તેમજ તેનો વ્યય કરવો જોઇએ નહી તેમ જણાવ્યુ. તેઓએ અનાજનું ગ્રેડીંગ, સ્ટોરેજ, ધુમ્રિકરણ, વિમા પોલીસી વિષે ઉંડાણપુર્વક ચર્ચા કરી. કાર્યક્રમના ભાગ રૂપે ખેડૂતોને સોજીત્રા તાલુકામાં દુધીપુરા ગામ ખાતે આવેલ વેર હાઉસ ની મુલાકાત કરાવવામાં આવી તેમજ વેર હાઉસમાં અનાજના વૈજ્ઞાનિક રીતે ગુણવત્તા જળવાઇ રહે તે હેતુથી કરવામાં આવતા સંગ્રહ વિષે શ્રી રતનલાલ ગુપ્તા દ્વારા ખેડૂતોને સવિસ્તાર માર્ગદર્શન આપવામાં આવ્યુ. સદર કાર્યક્રમનાં બીજા દિવસે સવિશેષ ઉપસ્થિત રહેલ શ્રી અનુપમ ચતુર્વેદી દ્વારા નેશનલ કોમોડીટી અને ડેરીવેટીવ્ઝ એક્સચેન્જ અંતર્ગત સવિસ્તાર માહિતી આપવામાં આવી તેમજ ફાર્મર પ્રોડક્શન ઓર્ગેનાઇઝેશનની રચના અંગે માહિતગાર કરવામાં આવ્યા. કેવિકેનાં વૈજ્ઞાનિક (એગ્રોનોમી) ડો. વાય.સી.લકુમ દ્વારા અનાજનાં ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે સવિસ્તાર માહિતી આપવામાં આવી.

કાર્યક્રમનાં અંતે ડો. એસ. બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા સૌનો આભાર વ્યક્ત કરી પૂર્ણાહુતિ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ


उदयभाणसिंहजी
क्षेत्रीय सहकारी प्रबंध संस्थान,गांधीनगर
WDRA
03.12.19


उदयभाणसिंहजी
क्षेत्रीय सहकारी प्रबंध संस्थान,गांधीनगर


उदयभाणसिंहजी
WDRA


भारतीय प्रतिभूति और विनिमय बोर्ड
Securities and Exchange Board of India







